# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૪ • તા.૧ થી ૭ જુલાઈ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# અરિહંત બેંકની સજાગતાથી ઓનલાઈન ફ્રોડથી ગયેલા રૂપિયા પાછા મળ્યાં


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જિંદગીને ચાહો ને માણો

આપણી જિંદગી ભગવાનની શ્રેષ્ઠ અને અમૂલ્ય ભેટ છે. તેને આનંદપૂર્વક માણીને પસાર કરવી જોઈએ. મળેલી એક એક પળને ખુશી ખુશીથી જીવી ભગવાને આપણને આપેલી આ જિંદગીને બદલે રિટર્ન ગિફ્ટ આપવી દેવી જોઈએ. જન્મથી મૃત્યુ પર્યંતની પળે પળ જે આપણે વ્યતીત કરીએ છીએ તેની પાછળનો આશય તો જીવનનો આનંદ માણવાનો છે. તે સારી રીતે વ્યતીત થાય, યાદગાર થાય એજ સાચી ખુશી છે. આનંદ અને કિલ્લોલ નાદથી ઈશ્વરની મળેલ ભેટ એટલે કે આપણું જીવન હસી ખુશીના માહોલમાં વીતે એ નસીબદાર કહેવાય છે અને એ આપણે થઈને રહીએ. જીવનની નાની નાની પળો મોજથી માણીએ, હસી હસીને માણીએ કે જિંદગી પણ આપણી પર આફરીન થઈ જાય અને સંકટ, આપદા તથા અઘટિત પળો આપવા માટે આપણને બાકાત કરી દે.

ભાગદોડ ભરી જિંદગીમાં બે ચાર પળ સ્વ માટે કાઢવી જરૂરી છે. જિંદગીની ઝડપી ગતિને અટકાવી કેટલીક પળો સ્વાનંદ માટે માણીએ તો એની મોજ અવર્ણનીય આવવાની પોતાની શોખને નવજીવન આપી કંઈ નવું કંઈ લાભપ્રદ બનાવીએ. અન્યોની ઈચ્છાઓની ખેવના સતત કરતા રહેવા કરતા પોતાના અંતરના અવાજની કાળજી કરીએ, દરકાર કરીએ તો જીવવાનો આનંદ અઢળક મળવાનો.

રાત દિવસ સતત કામમાં ખૂંપેલા રહેવાથી અને ગમે તેવું મુશ્કેલ કાર્ય હશે પણ તેને હું પાર પાડીશ એવો દ્રઢ નિશ્ચ કરવા પછી કામ નિપટાવાનો આનંદ અગણિત મળશે. સદૈવ મનની ગમતી ક્રિયા, કર્મ કરવાથી, પ્રવૃત્તિમાં રત રહેવાથી આપણી અંદર રહેલ કળા, હુન્નરને ઉત્તેજન મળે છે તેને જીવંત કરવાનો માહોલ મળે છે. મુશ્કેલીઓ આવે તેની સામે હાથ અને હાલ મૂકી દેવાથી માત્ર હતાશા મળવાની છે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ માનવી મુશ્કેલીમાં અડીખમ, અડગ અને હિંમતભેર રહે તો સાચા હીરાની જેમ ચમકી ઉઠે છે.

જીવનની મુશ્કેલીઓની ક્યારેય ફરિયાદ ન કરવી. કારણ કે મોટું કાર્ય કુદરત જેની ઉપર અતૂટ ભરોસો હોય એની હસ્તક સોંપે છે. દુઃખ દર્દ આવવા એનાથી નાસીપાસ થવાની જરૂર નથી કરાણ કે કેટલી સમસ્યાઓ આપણા ધૈર્યની, હિંમતની અને આંતરિક શક્તિની ધાર કાઢવા, એની અજમાયશ કરવા જ આવતી હોય છે. જીવનના દુઃખો તો અનેક હોય છે પણ તેને ટાળવાના, તેને હટાવવાના રસ્તાઓ અઢળક હોય છે. જરૂર હોય છે હિંમત રાખી તેને શોધવાની આ રસ્તો તેને મળે છે જે તેને શોધવાનું કષ્ટ કરે છે.

જીવનનો આનંદ જિંદગીને માણીને લેવાનો છે. નહીં કે તેનો તણાવ મન પર લઈને. જિંદગીને ચાહતા હશું તો તણાવ આપોઆપ હટી જશે, દૂર થઈ જશે. માટે જિંદગીને ભરપૂર ચાહો અને એ રીતે એને માણો કે જાણે દરેક દિવસ આયુષ્યનો છેલ્લો દિવસ છે.

-જય જ્ઞાતિમૈયા

# ધનનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં પૈસાથી બધા સુખો મળે છે એ સાચું નથી. પૈસાથી સગવડ સચવાય છે. સારો સમય પસાર થઈ જાય છે. જીવનની જરૂરિયાત પૂરી થાય અને વહેવાર સચવાય એટલો પૈસો જરૂરી છે. બાકી પૈસાથી મોજમજા, ઉડાઉપણુ આવે, નિત નવા વ્યસનોમાં જીવ લપેટાય અને પતનની ખાણ છે. માત્ર મોજ મજા અને એશો આરામ વપરાય એ પૈસો સુખ ને સંતોષ આપી શકતો નથી. સંતો અને જ્ઞાનીઓ કહે છે કે પ્રામાણિકપણે આવે અને સન્માર્ગે વપરાય તે ધન સારૂં અને સાચું. બાકી ચોક્કસ વ્યાખ્યા થઈ શકે નહીં. પણ પ્રામાણિકતાથી ધંધો કરવા બેસીએ તો માંડ માંડ રોટલા નીકળે. બે પાંદડે થવાય નહીં. સાચું શું અને ખોટું શું એની વ્યાખ્યાઓ આ જમાનાને હિસાબે બદલાઈ ગઈ છે.

દરેકને એમ લાગે છે કે પોતે જે કાંઈ કરી રહ્યો છે તે સાચું છે આજે ધન સન્માર્ગે ઓછું વપરાય છે. મોજશોખ અને શાન, શોહરત માટે વધુ ખર્ચાય છે. ધન પ્રાપ્તિ થયા પછી ડગલા સ્થિર રહેતા નથી તેવી જ રીતે તે ધનનો પ્રભાવ મન મસ્તિક પર પડે છે. ધન આવતાની સાથે જરૂરિયાતો વધતી જાય છે. માણસ આળસુ પ્રમાદી, ઈર્ષાળુ, લાલચુ અને નિષ્ઠુર બની જાય છે. પરિશ્રમ ઓછો કરી આધિ વ્યાધિ અને ઉપાધિમાં ઘેરાયેલો રહે છે. સુખ ઓછું થઈ જાય તો દુઃખના ડુંગરા સામે દેખાય છે. જીવનમાં બધું થોડું થોડું મીઠું લાગે છે. એક સામટું સુખ કે એક સામટું દુઃખ માણસ અને દુઃખી બનાવી દે છે.

ધન વધવાની સાથે તેનો સદપયોગ ન થાય તો સંચય વૃત્તિ વધે છે અને માણસ પરિગ્રહી બની જીવે છે. જે મળે તે ઓછું લાગે છે. સાચું સુખ સંતોષમાં છે. પૈસા આવે તેમ ઉદારતા વધવી જોઈએ. માણસ જો મનથી દરિદ્ર બને તો ધન દોલત પણ તેને સુખ કે સંતોષ આપી શકે નહીં. ધનની પ્રાપ્તિથી મન સંકુચિત અને જડ બની જાય છે. સતત પૈસાના વિચાર કરતો વ્યક્તિ માણસ પૈસો પૈસો ગણતો થઈ જાય છે. પરિગ્રહમાં પણ સુક્ષ્મ હિંસા સાથે ભય રહેલો છે. કોઈપણ વસ્તુની માલિકી પ્રાપ્તિ કરીએ છીએ ત્યારે આપણે તેની ગુલામી પણ સ્વીકારી લેતા હોઈએ છીએ. જે કાંઈ મળ્યું છે તે ચાલ્યું તો નહીં જાય ને કોઈ છીનવી તો નહીં લે ને ખોટ તો નહીં જાય ને એવો સતત ભય હમેંશા સતાવ્યા કરે છે. જેટલી કિંમતી વસ્તુ આપણી પાસે હોય તેટલો ભય વધારે. ધન લઈને માણસ બંધાઈ જાય છે. સાચો ત્યાગ એ છે કે તમે કોઈ વસ્તુઓના બંધનમાં આવો નહીં. પ્રાપ્તિ કરીને અને તેના અભાવમાં પણ સુખ માણો.

જેમની પાસે અધિક ધન છે તેમની તૃષ્ણા અને લાલસાનો કોઈ અંત નથી. જેની પાસે ઓછું છે તેની આશા ને તૃષ્ણા ધીરે મરતી જાય છે. તે પરિસ્થિતિનો સ્વીકાર કરી લે છે જેને લીધે મેળવવાની અને ગુમાવવાની તેની શક્તિ સીમિત બની જાય છે. માણસ બહાર સમૃધ્ધ નહીં પણ અંદરથી સમૃધ્ધ બનવો જોઈએ. એક ઉપદેશક વાક્ય છે. ધન ઓછું, તન મધ્યમ અને મન મોટું એ માણસ સદાય સુખી. આ વાક્યને પ્રમાણ ભાન સામે રાખી ચાલનાર બહુ ઓછા હોય છે. ધન કોઈ સાથે લઈ જઈ શકતું નથી. બધે બધું અહીં રહેવાનું છે. જો ધનનો સદ્ઉપયોગ કરીએ તો લોકો પેઢીઓની પેઢી સુધી યાદ રાખશે. ધનની ત્રણ ગતિ છે દાન, ભોગ અને નાશ. જે માણસ ધનને સન્માર્ગે વાપરતો નથી અથવા તે ધનને ભોગવતો નથી તેના ધનનો નાશ થાય છે. અન્યના હાથમાં જાય છે. ત્યારે ધન પ્રાપ્ત કરનારને માથે વ્યર્થ છે. ધનનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ છે દાન. બીજાના દુઃખમાં કામ આવેલું કે કો'કના આંસુ લૂંછવામાં વપરાયેલ ધન જેવો સર્વશ્રેષ્ઠ કોઈ ધર્મ નથી.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અરિહંત બેંકની સજાગતાથી ઓનલાઈન ફ્રોડથી ગયેલા રૂપિયા પાછા મળ્યાં



નિલેશ મોમાયા



તન્વી શાહ



ઉર્મી ગાલા

**ફ્રોડ થયેલા પૈસા ડેબિટ થયા બાદ ૧ કલાકમાં એક્શન લેવામાં આવે તો પૈસા પાછા આવવાની શક્યતા વધુ છે.**

ડોંબિવલીમાં રહેતા કુલીનભાઈ લોડાયાને પંજાબ નેશનલ બેંક ડોંબિવલીનો રૂ.પાંચ હજારનો બેરર ચેક મળ્યો હતો. જે તેમની પાસે ગેરવલ્લે થઈ ગયો હોવાની તેઓ મુલુંડમાં હતા ત્યારે જાણ થઈ. તેઓએ તાત્કાલિક ચેક આપેલ પાર્ટીને જાણ કરીને ચેકનો સ્ટોપ પેમેન્ટ કરવા કહ્યું હતું. પણ સામેની પાર્ટી બહાર હોવાથી તેઓ બેંકમાં તાત્કાલિક પહોંચી શકે તેમ ન હતા. એટલે સૂચન કર્યું કે તમે પીએનબી બેંકની મુલુંડ શાખામાં જઈ ચેક સ્ટોપ પેમેન્ટની વિધિ પતાવી લો. એટલે કુલીનભાઈ લોડાયાએ મુલુંડ વેસ્ટના પંજાબ નેશનલ બેંકમાં જઈ ડોંબિવલી બ્રાંચનો નંબર આપવા વિનંતી કરી. પણ સદર બેંક દ્વારા આ માટે સહકાર ન મળ્યો. બેંકમાં મર્જ થવાની પ્રક્રિયા થઈ હોવાથી શાખાના નંબર ઉપલબ્ધ નથી. તમે ઓનલાઈન નંબર શોધી લો એવી સલાહ આપવામાં આવી.

રૂ.પાંચ હજારનો બેરર ચેક અજુગતી વ્યક્તિના હાથમાં ચડે અને તેને વટાવી લે એ વિચાર કરી ઓફિસમાં બેસી ઓનલાઈન સર્ચ કરી પંજાબ નેશનલ બેંક ડોંબિવલી શાખાનો નંબર એની ડેસ્ક પીએનબી બેંકમાંથી મેળવ્યો મો.નં.૬૨૯૪૭૨૬૭૩૦ ઉપર વાત કરી હકીકત જણાવી ત્યારે તેમણે ખોવાઈ ગયેલ પીએનબી ચેક તેના ખાતા નંબરની વિગતને બદલે ફોન કરેલ વ્યક્તિ એટલે કે કુલીન લોડાયાના બેંક ડિટેલ, કાર્ડની વિગત માંગી અને તેમને કહ્યું કે તમારો ફોન ચાલુ રાખી. વાઈફાઈ બંધ કરી, ડેટા ચાલુ રાખો અને કેમેરા પાસે કાર્ડની આગળ પાછળની સાઈડ મૂકો પછી બીજા કોઈના ફોન પરથી કોલ કરો. તેમણે અન્ય કલીગના મોબાઈલ ફોન પરથી ફોન કર્યો તે સાથે તેમના પોતાના મોબાઈલ ઉપર રૂ.૧૫૫૯૨ ઓન મોબિકને માટે ડેબિટ થયાનો મેસેજ ફ્લેશ થયો. એટલે ચીટરને કહ્યું કે મને રૂપિયા ડેબિટ થયાનો મેસેજ આવ્યો છે ત્યારે સામેવાળાએ કહ્યું કે તમે કહ્યું હતું એનાથી વધુ રૂપિયા તમારામાં ખાતામાં છે. તમે ચિંતા ન કરો તમારી રકમ તમને પાછી આવી જશે. પણ કુલીનભાઈને અઘટિત થયું હોવાની અગમચેતી થતાં ફોન કટ કરી દીધો. ત્યારપછી બીજા રૂ.૧૮૦૩૯ અને રૂ.૨૫૯૯૦ ફ્લીપકાર્ટને માટે ડેબીટ થયા હોવાનો મેસેજ ફ્લેશ થયો.

આ ઘટનાથી હતપ્રભ થયા વગર તેઓ ગુર્જરમાતના સ્ટાફની મદદ લઈ મુલુંડ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ફ્રોડની ફરિયાદ નોંધાવી અને FIR ની કોપી લઈ તાત્કાલિક પોતાની બેંક ડૉ.આંબેડકર રોડ પરની શ્રી અરિહંત કો.ઓ.બેંક લીમીટેડમાં ગયા અને હકીકત બતાવી ગયેલ પેમેન્ટ રીકવરી થાય એ માટે બેંકના અધિકારીઓને રીકવેસ્ટ કરી. શ્રી અરિહંત કો.ઓ.બેંકના મેનેજર નીલેશ મોમાયા અને ટ્રાન્ઝેક્શન સ્ટોપ ડિપાર્ટમેન્ટના ઉર્મિ ગાલા અને રિઝર્વ બેંક NPCI ડિપાર્ટમેન્ટ સંભાળતા તન્વી શાહને સંનિષ્ઠ અને તાત્કાલિક પગલાંથી કુલીન લોડાયાના છેલ્લા બે ટ્રાન્ઝેક્સન રૂ.૧૮૦૩૯ તથા રૂ.૨૫૯૯૦ના ટ્રાન્ઝેક્શન રદ કરી દીધા હતા એટલે તેમના સેવિંગ ખાતામાંથી રકમ અન્યને જતી બચી ગઈ હતી. એક માત્ર પહેલું ટ્રાન્ઝેક્શન રૂ.૧૫૫૯૨ એ તેમને નુકસાની આપી ગયું.

આ ઘટના વિષે શ્રી અરિહંત કો.ઓ.બેંકના મેનેજર નિલેશ મોમાયાનો સંપર્ક કરતાં તેમણે કહ્યું કે આ કેસમાં પોલીસની કરાયેલ ફરિયાદની કોપી અમને મળવાથી અમે તાત્કાલિક ચાંપતા પગલાં લઈ શક્યા. અગર જો કમ્પલેઈન્ટની કોપી ન હોત તો અમે લાચાર વશ થઈ જઈએ. ઓનલાઈન ફ્રોડમાં UPI પેમેન્ટ કે બેંક ખાતામાં ગયેલ રકમ પાછી મળવી મુશ્કેલ હોય છે પણ અન્ય પાર્ટીને કે ઈકોર્મસને ટ્રાન્ઝેક્શન કરાયેલ રકમ T+1 ટુડે અને એના પછીના દિવસ સુધી રિકવરી થઈ શકે છે. અમારી પાસે પોલીસ ડિપાર્ટમેન્ટની કમ્પેલઈન્ટ કોપી આવતા અમે તરત જ RBI ની NPCI સેલમાં ટ્રાંન્ઝેકશન કેન્સલ કરવાની ઓનલાઈન રીકવેસ્ટ અપલોડ કરી દઈએ છીએ. તેમણે ઓનલાઈન છેતરપિંડીના વધતા જતા બનાવો પ્રત્યે દરેક નાગરિકએ સજાગતા ધરાવી સાવધાની રાખવાની સલાહ આપી અને જેવી ફ્રોડની ઘટના બને એટલે હતપ્રભ કે હોશકોશ ગુમાવ્યા વગર સ્વસ્થતા ધારણ કરી પોલીસ સ્ટેશનના સાઈબર ક્રાઈમ સેલમાં તાત્કાલિક ફરિયાદ નોંધાવી તેની કોપી મેળવી બેંકમાં રૂબરૂ જઈ પ્રક્રિયા પૂરી કરવી જોઈએ એવું કહ્યું હતું.

તા.૨૨ જૂનના બપોરે ૧૨ થી ૧૨.૪૦ દરમ્યાન થયેલ ઓનલાઈન ફ્રોડ કેસમાં મુલુંડ પોલીસ સ્ટેશનની સક્રિયતા અને સાથ થી અને અરિહંત બેંક મુલુંડના સહયોગને લીધે એક મધ્યવર્ગના નોકરીયાત આધેડ વ્યક્તિની જીવન મુડી હેમખેમ રહી ગઈ હતી.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083


| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

www.arihantbank.com @ ArihantBank

# સંજીવની કેસ નં.૧૦૮ને માટે રૂા.૨.૪૮ લાખ જમા કરવાનો છે પડકાર




પર વર્ષીય કિશોર મૂળજી નાગડા રાપર ડોંબિવલીને નિયમિત રીતે કંઠમાળ અને છાતી દુઃખાવો રહેતો હતા. તા.૫ જૂને તેમને હાર્ટએટેક આવ્યો એટલે હોસ્પિટલમાં ભરતી કરાયા. અત્રે કોરોનરી એન્જીયોગ્રાફી માટે સલાહ આપવામાં આવતા એ પ્રોસીજર પણ તેમણે કરાવી. જેમાં બ્લોકેજ આવતા વધુ સચોટતા માટે એન્જીપ્લાસ્ટીની ભલામણ કરવામાં આવી છે.

આ વર્ષે તેમની પત્નીની સર્જરીનો ખર્ચ કરાયો હતો. જેમાં જમા થયેલી બચત ખર્ચાઈ હતી. અન્ય બચત નથી અને વીમાનો કોઈ કવચ નથી. પુત્ર એક માત્ર કમાતો સભ્ય છે જેનાથી પરિવારની રોજિંદી જરૂરિયાતોના માંડ માંડ પૂરી થાય છે. કિશોરભાઈ નાગડાના ઈલાજ સારવાર માટે રૂ.૨૦૪૮ લાખનો અંદાજિત ખર્ચ અપાયેલ છે.

જ્ઞાતિજન પરિવાર ઉપર આવેલ આ આકસ્મિક આપતિમાં હેમખેમ પાર પડે એ આપણો પ્રાથમિક પ્રયાસ છે. જે માટે સૌનો હાથ અને સાથ મળવો જરૂરી છે. ચિંતામાં ગ્રસ્ત નાગડા પરિવારને હૂંફ અને હૈયા ધારણ સાથે નાણાંકીય ટેકો આપી આપણી ફરજ બજાવી માનવતાનો પરમધર્મ નિભાવીએ.

ઈન્કમટેક્ષની ૮૦ જી કલમ અંતર્ગત કર લાભ મેળવવા દાતાના પૅન અને આધારકાર્ડની કોપી આપવી જરૂરી છે.

# દિવ્યાંગ સમિતિનો અખિલ ભારતીય સેવા પ્રકલ્પ કરાયો

ગત બે મહિનામાં શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિએ એક અનોખો પ્રકલ્પ પાર પાડ્યો. દેશના વિવિધ પ્રાંતોમાં રહેતા ૫૦ દિવ્યાંગજનોના ઘરોમાં તેઓને આંબા તથા અનાજ કિટનું વિતરણ કર્યું. આ પ્રકલ્પનો સમગ્ર ખર્ચો લગભગ રૂ.૫૫ હજારની આસપાસ થયેલો, જે સમસ્ત મહાજને સ્પોન્સર કરેલ.

સમિતિના ચેરમેન કાશ્મીરાબેન લુઠીયાએ જ્યારે સેક્રેટરી જનરલ નિષિથ ભાઈ દંડ પાસે આ પ્રકલ્પનો પ્રસ્તાવ મૂક્યો ત્યારેનિશિતભાઈએ તરત જ મંજૂરી આપતા કહ્યું કે આ પ્રકલ્પનો સઘળો ખર્ચો સમસ્ત મહાજન કરશે.

ડોમ્બીવલી, કાંદીવલી અને દહીસર, વડોદરા, સાંગલી, જામનગર, અમદાવાદ, હૈદરાબાદ, કોચિ, નલિયા, અંકલેશ્વર, ભુસાવળ અને ગાંધીધામના અનેક વિસ્તારોમાં રહેતા દિવ્યાંગનોને આંબા તથા અનાજ, જેમને જે રીતની જરૂરિયાતો હતી એ પ્રમાણે પહોંચાડવામાં આવ્યા. આ વિસ્તારોમાં રહેતા આપણા જ્ઞાતિજનોએ આગળ આવી, ત્યાં રહેતા સ્થાનિકવેપારીઓ પાસેથી સામાન ખરીદી અને દિવ્યાંગજનોને પહોંચાડવાનું કાર્ય કર્યું, જે માટે દિવ્યાંગ સમિતિ તેમનો ખૂબ-ખૂબ આભારી છે. એ બધા વોલિન્ટીયરોની મદદ વિના આ પ્રકલ્પ પૂરું પાડવું મુશ્કેલ હતું. સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધરમશીના સંપૂર્ણ સહયોગ માટે પણ દિવ્યાંગ સમિતિ તેમની આભારી છે.




અનાજની કિટ જેમાં ઘઉંનો લોટ,મગદાળ, ચણાદાળ, તુવેરદાળ, તેલ, સાકર, ચોખા, ગોળ, ડ્રાયફ્રુટ, ચહાપત્તી વગેરેનો સમાવેશ હતો, આ બધી ઘરોની રોજિંદી જરૂરિયાતો પૂરી પાડવા માટે મદદરૂપ બની. કેરીની સીઝનમાં આંબા તો સૌ કોઈને ખાવાનું મન થાય અને જ્યારે આવી ભેટ મળે ત્યારે મન તો ખુશ થઈ જ જાય ને? આ ખુશી કેટલાક દિવ્યાંગજનોના માતા પિતાના ચહેરા ઉપર ચોખ્ખી વર્તાતી હતી.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## પ.પૂ.તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નું અંકલેશ્વર સંઘમાં ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ.તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ પાલીતાણાથી નિર્વિઘ્ને વિહાર કરી અંકલેશ્વર ચાતુર્માસ પધારી ચૂક્યા છે.

તા.૨૧ જૂન અષાઢ સુદ ૪ના સવારના ૯ કલાકે સંઘમાં ભવ્ય ભાવ સાથે અલૌકિક પાર્શ્વનાથ અચલગચ્છ જૈન દેરાસર પ્લોટ નં.૬૯ ન્યુ જી આઈ.ડી.સી. માનવ મંદિર સામે અંકલેશ્વર ૩૧૩૦૦૨ મધે પ્રવેશ થયો. પૂજ્ય સાહેબના આગમનને લીધે શ્રાવક શ્રાવિકામાં હર્ષઉલ્લાસની લાગણી થઈ છે અને પર્યુષણ પર્વ સાથે ચાતુર્માસના દિવસો ભક્તિભાવ, તપ, જપ, આરાધના અને ધર્મમય સાથે થશે એનો હૈયે હરખ છે.

## કચ્છ યુવક સંઘનો પ્રથમ કાર્યક્રમ 'કચ્છી કરે કમાલ' કચ્છ ટેલેન્ટ શો ૨૦૨૩ ડોંબિવલી મધે યોજાયો



શ્રી કચ્છ યુવક સંઘનો પ્રથમ કાર્યક્રમ 'કચ્છી કરે કમાલ' કચ્છ ટેલેન્ટ શો ૨૦૨૩ નવનીત નગર ભોપળ, ડોંબિવલી ખાતે યોજાયો. આ શોમાં ડોંબિવલીની ક.દ.ઓ. મહિલાઓનું 'નૂતન નારી' ગ્રુપ એ પ્રથમ ઈનામ મેળવ્યું હતું.

શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના કારોબારી સભ્ય શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા નલિયા દ્વારા રચાયો હતો. આ ગ્રુપના ૧૮ મહિલા મેમ્બરોએ ખોંભાની સાડીઓ પરિધાન કરી કચ્છી લોકગીત મેઠા બોલેતા મોર અને મેઠો પાજો કચ્છડે જો પાણી એ ઉપર નૃત્ય રાસ કર્યું હતું. જે સૌ ઉપસ્થિત પ્રેક્ષકોને ગમ્યું હતું. તાળીઓથી વધાવી લીધું હતું અને પ્રથમ પ્રાઈઝ પણ મેળવ્યું હતું. ગ્રુપને ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલ ગૌરવમાલા કાર્યક્રમ યોજાયો

તા.૨૨ જૂન ગુરૂવારના સવારે ૯ કલાકે કેસરિયા ભવન, યવતમાલ મધે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલ આયોજિત અને જૈન બ્રધર્સ પ્રાયોજિત સ્વ.શ્રી અશ્વિનભાઈ ધરમશી સ્મૃતિ વિશેષ ગૌરવ માલા કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૦ તથા ૧૨ ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ અન્ય વિવિધ ક્ષેત્રોમાં વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાવંતોનું સન્માન, શ્રી ગિરનાર તીર્થ નવાણું યાત્રા પૂર્ણ કરનાર તપસ્વી રત્નોનું બહુમાન તેમજ શહેરમાં સંચાલિત જૈન પાઠશાળાઓના જૈન શિક્ષિકાઓનું સન્માન કરાયું. આ કાર્યક્રમમાં સંઘના પરિવારના સૌ સમ્મલિત થઈ સન્માનિતોનો ઉત્સાહ હરખપૂર્વક વધાવ્યો હતો.

## પ.પૂ.સા.શ્રી પ્રિયકૃતાંજનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩નું શ્રી શંખેશ્વર દેરાસરમાં ચાતુર્માસ પ્રવેશ



પ.પૂ.સાધ્વીશ્રી પ્રિયકૃતાંજનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ તિરૂપુરના શ્રી સુવિધિનાથ મંદિરમાં તા.૨૧ જૂન બુધવારે સવારે પધાર્યા. સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ સાહેબનું ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. અત્રે બે દિવસ સ્થિરતા કરી તા.૨૩ જૂન શુક્રવારના શ્રી શંખેશ્વર દેરાસર મધે ચાતુર્માસ વાજતે ગાજતે ભવ્ય પ્રવેશ કર્યો.

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
**મુંબઈ કાર્યાલય :** શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર અલી, થાને (વે)-૪૦૦ ૬૦૧.

## શ્રી પર્યુષણ મહાપર્વ પધારવા ભાવભર્યું આમંત્રણ

### ❖ દિવ્યકૃપા દૃષ્ટિ ❖

શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

જિનશાસન શિરોમણિ, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

### ❖ તારક આજ્ઞા પ્રદાન એવં આશિષ વૃષ્ટિ ❖

સૌમ્ય સ્વભાવી સંઘવત્સલ્ય, રાજસ્થાન દીપક અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

### ❖ પર્યુષણ આરાધના ❖

પર્યુષણની આરાધના કરાવવા આર્યરક્ષિત વિદ્યાપીઠથી બહેનો કે ભાઈઓ પધારશે. સૌએ લાભ લેવા વિનંતી.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ ૧૨ ને **રવિવાર તા. ૧૩-૦૮-૨૦૨૩** થી ભાદરવા સુદી ૬ **મંગળવાર તા. ૨૨-૦૮-૨૦૨૩** સુધીના સર્વે ગામવાસી ભાઈઓ, બહેનો તથા નિયાણી બહેનોને પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. સાધર્મિક ભક્તિ સંઘના રસોડે ૩ ટાઈમ રહેશે. પર્વમાં પધારનાર ભાવિકોએ પોતાના નામ તા. ૨૦-૦૭-૨૦૨૩ અગાઉ મહાજન માનદ્‌મંત્રી **શ્રી જયંતીભાઈ મૈશેરી – 98197 48250** પાસે લખાવવા વિનંતી. જેથી રહેવાની સગવડ કરવા સરળતા રહે. રહેવાની સગવડ સામુહિક ધોરણે કરવામાં આવશે.

પર્યુષણ મહાપર્વ દરમ્યાન પધારનાર શ્રાવક/શ્રાવિકાઓને વાતાનુકુલિત રૂમની જરૂરીયાત હશે તો તે મહાજનશ્રીના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ થશે તેમજ નિરધારિત થયેલ રકમ ભરવાની રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ • શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**

---

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
**મુંબઈ કાર્યાલય :** શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર અલી, થાને (વે)-૪૦૦ ૬૦૧.

## શતકોત્તર અમૃત મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૩ - વોલીંટીયર્સ

**તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૩** વોલીંટીયર્સ જોઇએ છે માટે જખૌવાસી/નિયાણી પરિવારના ઈચ્છુક ભાઈ/બહેનો એ **તા. ૫-૭-૨૦૨૩** સુધી નીચે આપેલ નંબર ઉપર નામ/ઉંમર/મોબાઇલ નંબર તથા હાલ વસવાટની વિગત આપવા વિનંતી.

જેઓ **તા. ૨૧-૧૨-૨૦૨૩ થી તા. ૨૬-૧૨-૨૦૨૩** સુધી કચ્છમાં હાજરી આપી શકે, તેઓ પોતાના નામ નોંધાવા વિનંતી.

તેમજ જ્યારે પણ મીટીંગ માટે બોલાવામાં આવે ત્યારે હાજરી આપવાની રહેશે. મુંબઈ થી બહારગામ વસતા વોલીંટીયર માટે વોટ્સઅપ થી અપડેટ કરવામાં આવશે તેમજ શક્ય હશે ત્યાં અમારા દ્વારા નિયુક્ત કરેલ સ્થાનિક કોઓરડીનેટર સાથે પણ જાણ કરવામાં આવશે.

સંપર્ક : **જયંતિલાલ દેવશી મૈશેરી – 98197 48250 • યોગેશ હંસરાજ મુનવર – 98337 95212**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ • શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**
**શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ સમિતી**

# JITO લેડીઝ વિંગ મુલુંડ ચેપ્ટરના ચેરમેન પદે વિરાજ મયુર ધુલ્લા











તા.૧૬ જૂન ૨૦૨૩ શુક્રવારના વિકાસ પેલેસ બેંકવેન્ટ હોલ મુલુંડમાં જીતો મુલુંડ ચેપ્ટરના ચેરપર્સન નલિન શાહના નેતૃત્વમાં જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની નવી જીતો લેડીઝ વિંગ મુલુંડ ચેપ્ટરનું ધમાકેદાર લોન્ચીંગ કરાયું. ૧૨૦ થી વધુ સંખ્યામાં સભ્યોના ઉપસ્થિત રહી હતી. આ હાજરી જે ખરેખર એક સિધ્ધિ અને ઉલ્લેખને પાત્ર છે. જેનું ગૌરવ દરેકને રહેશે.



કાર્યક્રમનો પ્રારંભ નવકાર મંત્ર પઠનથી થયું. ત્યારબાદ શ્રીમતી મીનલબેન ખોના બોર્ડ ઓફ ડાયરેક્ટર જીતો તથા માનનીય અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું.

મુલુંડ ચેપ્ટરના ચીફ સેક્રેટરી જયેશ જૈનએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંચાલન કર્યું હતું. શ્રી અમિત ધુલ્લા મુખ્ય સચિવ ઘાટકોપર ચેપ્ટર, શ્રીમતી ચાંદની લાલકા અધ્યક્ષા લેડીઝ વિંગ વાશી પ્રોત્સાહક ઉપસ્થિત મળી હતી. નવી ટીમના શપથ ગ્રહણ સમારોહનું સંચાલન પૃથ્વીરાજ કોઠારી એ કર્યું હતું અને પીન અર્પણ શ્રીમતી મીનલ ખોના અને અતિથિઓ કરી હતી.



જીતો લેડીઝ વિંગ મુલુંડ ચેપ્ટરની શપથ લેનાર નવી કમિટી નીચે મુજબ છે. **ચેરમેન પદે વિરાજ મયુર ધુલ્લા(ગામ જખૌ-હાલ મુલુંડ),** શૈલજા શાહ વાઈસ ચેરપર્સન, રિતુ સુર્યા વાઈસ ચેરપર્સન, મનીષા શાહ, મુખ્ય સચિવ, કોમલ મહેતા સેક્રેટરી, પ્રીતિ દોશી સેક્રેટરી, ધ્વનિ નાગડા ખજાનચી. લોન્ચીંગ કાર્યક્રમ ચેરપર્સન નલિન શાહ, ચીફ સેક્રેટરી જયેશ જૈન, વાઈસ ચેરપર્સન ચેતન દેઢિયા અને મુલુંડ ચેપ્ટરના ઓફિસ બેરર્સના સતત પ્રયાસો અને માર્ગદર્શનથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. કાર્યક્રમ રાષ્ટ્રગીત ગાન સાથે સમાપ્ત થયું હતું.



# વીરેન્દ્ર ભવાનજી લોડાયાને કચ્છ શક્તિ સમાજસેવા એવોર્ડ એનાયત

અષાઢી બીજ સોમવાર તા.૧૯ જૂન સાંજે ૬ કલાકથી યોગી સભાગૃહ, દાદર (પૂર્વ) ખાતે કચ્છ શક્તિનો ૪૪મા વર્ષનો એવોર્ડ સમારોહ કાર્યક્રમ યોજાયો. આ વરસે સમાજ સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપવા બદલ નલિયા-મુલુંડના વીરેન્દ્ર ભવાનજી લોડાયાને જાણીતા ટીવી સિરિયલ નિર્માતા આશિત મોદી અને નેશનલ સ્ટોક એક્ષ્ચેંજના એમ.ડી. અને સીઈઓ આશિષ કુમાર ચૌહાણના હસ્તે અપાયો.

વીરેન્દ્ર લોડાયા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપપ્રમુખ, શેઠશ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટના ટ્રસ્ટી અને માતુશ્રી કુંવરજીબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગના મેનેજીંગ ટ્રસ્ટી પદે છે. કચ્છ શક્તિ એવોર્ડ માટે વીરેન્દ્ર લોડાયાને હાર્દિક અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના.


























## કચ્છ શક્તિ એવોર્ડથી નવાજેશ થયેલ વીરેન્દ્ર લોડાયા માટે શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ ગૌરવ અનુભવે છે





તા.૧૯ જૂન સોમવારના કચ્છ એવોર્ડથી સન્માનિત થયેલ વીરેન્દ્ર ભવાનજી લોડાયા છેલ્લો અવિરત ૨૫ વર્ષથી શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિમાં સમાજ ક્ષેત્રે નાનામાં નાના જ્ઞાતિજનોને કઈ રીતે મદદરૂપ થવાય. તેઓનું જીવનનું સ્તર કેમ ઊંચું લાવી શકાય એ માટે અથાગ મહેનત કરી રહ્યાં છે. મેડિકલ ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે અને સાધર્મિકોને સહાય વગેરે યોજનાઓમાં જ્ઞાતિજનોને ખૂબજ સહાયરૂપ થયા છે. વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૪ દરમ્યાન શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના ૨ ટર્મ એટલે છ વર્ષ માટે પ્રમુખ પદે રહી ડોંબિવલીના જ્ઞાતિજનો માટે તન, મન અને ધનથી જબરદસ્ત કામ કર્યું હતું. જેને લીધે જ્ઞાતિજનોના દિલમાં વસ્યા. અહીંથી જ જ્ઞાતિમાં વીરેન્દ્રભાઈનું નામ બહુ મોટા પ્લેટફોર્મ ઉપર આવ્યું અને જ્ઞાતિજનોના ઘરે ઘરે તેમનું નામ ગુંજતું થયું. જ્ઞાતિજનોનો અપાર પ્રેમ તેમને મળ્યો.

જ્ઞાતિની મોભી સંસ્થા શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ-પાલીતાણા-નલિયા-મુંબઈના ૨૦૧૪ ટ્રસ્ટી તરીકે નિયુક્ત થયા. આ ટ્રસ્ટ નલિયા દેરાસર પાલીતાણામાં શ્રી નરશી નાથા ધર્મશાળા અને ત્યાંના દેરાસરનું સંચાલન સુયોગ્ય અને જવાબદારીપૂર્વક વીરેન્દ્રભાઈ લોડાયા સુંદર રીતે કરી રહ્યાં છે. વર્ષ ૨૦૨૦માં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપપ્રમુખ પદે વરણી પામ્યા. જેમાં માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગના મેનેજીંગ ટ્રસ્ટી તરીકેના જવાબદારી પણ મળી. આ ગૃહઉદ્યોગમાં ૨૬ થી વધુ મહિલાઓ કામ કરે છે. એ મહેનતુ મહિલાઓનું જીવન ધોરણ કેમ ઊંચું આવે તથા સંસ્થાને વધુને વધુ વેંચાણ સાથે કેમ નફો કરતી થાય એવા સઘન પ્રયત્નો સાથે તેઓ આ મિશનને આગળને આગળ વધારી રહ્યાં છે. આ ઉપરાંત વીરેન્દ્ર ક.દ.ઓ.જ્ઞાતિની મોભી સેવા સંસ્થા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપમાં કારોબારી સભ્ય તરીકેની જવાબદારી લઈને દર વર્ષે કચ્છમાં સમૂહ લગ્નોની આયોજન કરી જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાયરૂપ થઈ પોતાનું કર્તવ્ય સમજે છે. તે સાથોસાથ કોરોનાના સમયકાળમાં જ્ઞાતિજનોને ખૂબજ ઉપયોગી રહ્યાં હતા. તેઓ મેડિકલ અને સહાય ક્ષેત્રે જોરદાર મહેનત કરી હતી. જ્ઞાતિના મોભી વ્યક્તિઓના સંપર્કમાં રહી જ્ઞાતિજનોની દરેક જરૂરિયાત પૂરી પાડી હતી. એમના સફળ નેટવર્કને લીધે દરેક જ્ઞાતિજનોની મુશ્કેલીઓ હલ થઈ હતી.

એવી જ્ઞાતિની ઘણી સંસ્થાઓ સાથે વીરેન્દ્રભાઈ લોડાયા છે. જ્ઞાતિજનોને લગતું કોઈપણ ઉપયોગી કાર્ય પૂરો કરવા ભરપૂર પ્રયાસો કરે છે. એટલે જ તેઓ દરેક જ્ઞાતિજનોની દિલમાં વસેલા છે, એમના હૈયામાં ઊંચ્ચા સ્થાને બિરાજે છે.

શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળના ચેતન લહેરચંદ નાગડા, પરેશ મોતીચંદ ખોના, અમિત જેઠાલાલ ખોના, નરેશ મેઘજી છેડા તથા ભાવેશ રતિલાલ મોતા તેમને અભિનંદનથી વધાવ્યાં છે.






# સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટીના સેન્ટર ફોર કચ્છ સ્ટીઝના સહાયક નિયામક તરીકે ડૉ.યામિની શાહ દંડની નિયુક્તિ



સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટીના સેન્ટર ફોર કચ્છ સ્ટડિઝના સહાયક નિયામક તરીકે કચ્છના અબડાસા તાલુકાના લાલાના મૂળ વતની ડો. યામિની શાહ દંડની નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટીનું આ કેન્દ્ર એક શૈક્ષણિક, આંતર-શિસ્ત અને સાંસ્કૃતિક કેન્દ્ર છે, જે સંપૂર્ણપણે કચ્છ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને તે કચ્છના ઇતિહાસ, કલા-સંસ્કૃતિ, સાહિત્ય, હસ્તકલા સહિતના વિષયો પર સંશોધન, પરિસંવાદ, પ્રદર્શન જેવા અનેક આયામો પર કામ કરીને બૃહદ કચ્છમાં કચ્છને ઉજાગર કરશે. વધુમાં કચ્છના તમામ તાલુકાઓમાં ગ્રાઉન્ડ વર્ક પણ કરશે એવું યામિનીબહેને જણાવ્યું હતું.

## શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદ્રાબાદ ચૂંટણીમાં ૩ કેડીઓ જ્ઞાતિજન વિજયશ્રીને વર્યા







તેલંગણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદની પ્રસિધ્ધ સંસ્થા સંગઠન શ્રી કચ્છી મિત્ર મંડળની તાજેતરમાં યોજાયેલ કારોબારી સમિતિની ચૂંટણીમાં ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ચૂંટાઈ આવેલા ૧૫ ઉમેદવારોમાં ૩ કેડીઓ જ્ઞાતિજનનો સમાવેશ છે. સૌથી વધુ મત મેળવી પ્રથમ ક્રમાંક મેળવનાર હેમાંગ મણિકાંત મેઘજી મોમાયા, વરાડીયા (૬૪૮ મત), ઉપરાંત લહેરચંદ ટોકરશી લોડાયા રાપર ગઢવાળી (૫૮૭ મત) તથા રિદેશ રમેશ લોડાયા, બાંઢિયા (મેળવેલ ૫૦૦) છે. વિજયશ્રીને વરેલ ત્રણેય જ્ઞાતિ બાંધવોને હાર્દિક અભિનંદન સાથે શુભકામના.

## બીજાપુર સંઘમાં સાધ્વી ડૉક્ટર મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયો

કર્ણાટક રાજ્યના ગોળ ગુંબજથી પ્રખ્યાત બીજાપુર નગરના જૈન સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી ડૉ. હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨નો ભવ્યતાથી પ્રવેશ થયો સંઘના શ્રાવક શ્રાવિકો સાહેબનું ઉત્સાહવર્ધક રીતે સામૈયું કરી ધન્યતા અનુભવી હતી.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## સુથરી તીર્થે સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ હરખ સાથે થયો





કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સોનથરી નગરની ઓળખ ધરાવતા સુથરી તીર્થ સંઘમાં સ્થિરવાસ પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ તા.૨૬ જૂન સોમવાર હરખ સાથે થયો. આનંદ ભાવ સાથે સંઘના શ્રાવક શ્રાવિકાઓ સામૈયું કરી સાહેબનું સ્વાગત કરી ધન્ય ધન્ય થયાં હતા.

## નલિયા નગર તીર્થે સાધ્વી મહારાજ સાહેબનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો





તા.૨૬ જૂન સોમવાર અષાઢ સુદ ૯ તિથિ દિને અબડાસા પંથકના નલિયા નગર તીર્થે પ.પૂ.સાધ્વી શ્રી અમિતયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી દેવપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૨નો વાજતે ગાજતે, સુશોભિત બેડાં, કળશથી સજ્જ બહેનો દ્વારા તેમજ વિવિધ રીતે ગહુલી આલેખી સ્વાગત કરી સામૈયું સાથે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો હતો. નલિયા સંઘમાં આ વર્ષે સળંગ ૧૮૩મું ચાતુર્માસ પ્રવેશ હતું.

પ્રથમ માંગલિક શ્રવણ દર્શન વંદન કરી ત્યારબાદ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના પ્રમુખ મુલચંદ પદમશી મોતા દ્વારા પ્રાસંગિક પ્રવચન અપાયું હતું.

ચાતુર્માસ દરમ્યાન શ્રી ગૌતમ પુચ્છા ગ્રંથનું વાંચન માટે વહોરવાનું લાભ માતુશ્રી સુંદરબેન કાનજી દેઢિયા, ભુજપુર તેમજ શ્રી ભીમસેન ચરિત્ર ગ્રંથનું વાંચન માટેના વહોરાવાનો લાભ માતુશ્રી પ્રભાબેન ભોગીભાઈ રાંભિયા-રામાણીયાએ લીધો હતો. પાંચજ્ઞાનની પણ ઉછામણી બોલાવવામાં આવી હતી.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ૧૫૦ જેટલા શ્રાવક શ્રાવિકો પધાર્યા હતા. રૂા.૧૦૦નું સંઘપૂજન કરવામાં આવ્યું હતું. મહાજનશ્રી દ્વારા નવકારશીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉછામણી રાજેશ લખમશી મોતા દ્વારા બોલાવવામાં આવી હતી.

## વાપી સંઘમાં સાધ્વી મહારાજ સાહેબનું હર્ષોલ્લાસ સાથે ચાતુર્માસ પ્રવેશ





વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ ૮ રવિવાર તા.૨૫ જૂનના દિને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કૃતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મહાવ્રત ગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિરગુણાશ્રીજી મ.સા. (સાંધવ ગામના દીકરી મ.સા.) આદિઠાણાનું ચાતુર્માસ આ વર્ષનું વાપી સંઘને મળેલ જેનો મંગળ પ્રવેશ હર્ષોલ્લાસ સાથે થયો.

સંઘની શ્રાવક બહેનો સુશોભિત બેડા-કળશ અને ગહુલી આલેખી સામૈયું કર્યું હતું. આજથી આગામી ચાર માસ ભવ્ય ભક્તિ, ધર્મ, તપ, આરાધના સાથે ભવ્ય લાભ મલશે એનો આનંદ ઉત્સાહ સંગમાં વ્યાપયો છે.

## સાંધવ નગરે નૂતન અતિથિગૃહનું ધામધૂમથી ઉદ્‌ઘાટન સંપન્ન થયું





અબડાસા કચ્છ વિભાગના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં નૂતન અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન સમારોહ તા.30 જૂન શુક્રવારના દિને ચતુર્વિધ સંઘની હાજરીમાં ધામધૂમથી સંપન્ન થયો.

## પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.નો ખામગામ નગરમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

તા.૨૫ જૂન રવિવારના દિને મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ વિભાગના ખંતીલા ગામ ખામગામ નગરમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નો ભવ્ય ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘની શ્રાવકો હરખભેર સામૈયામાં સામેલ થયા હતા અને શ્રાવિકાઓ કલાત્મક રીતે સુશોભિત બેડલા-કળશ અને અવનવી ભાતથી ગહુલી રચી ઉમળકો દાખવી સ્વાગત કર્યું હતું. સંઘમાં સર્વત્ર ભાવિકોના હૈયે ધર્મ ભક્તિ તપ આરાધનાનો હરખ વર્તાતો હતો.



|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે ||    || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ ||    || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી–મહાકાલીદેવ્યૈ નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ટ્રસ્ટ રજી નં A2898 (Mumbai),

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

તા. ૦૪ /૦૭ /૨૦૨૩

## સામાન્ય સમિતિની બંધારણ સુધારા માટેની ખાસ સભાની નોટીસ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સામાન્ય સમિતિ (આજીવન દાતા સભ્ય, ઉપદાતા સભ્ય, મુરબ્બી સભ્ય, ઉપમુરબ્બી સભ્ય, સહાયક સભ્ય, ઉપ સહાયક સભ્ય, આજીવન સભ્યો તથા સામાન્ય સભ્ય)ની સભા

**રવિવાર, તા. ૦૬–૦૮–૨૦૨૩ના બપોરે ૧.૦૦ કલાકે**

શ્રી મુલુંડ શ્વે.મૂ. જૈન સંઘ, શ્રી અચલગચ્છ જૈન સમાજ, મુલુંડ
શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ– ૪૦૦ ૦૮૦.

**ઉપરોક્ત દરેક શ્રેણીના સભ્યોને સમયસર અવશ્ય પધારવા અને બપોરે ૧૧ થી ૧૨ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.**

### :: કાર્યસુચી ::

બંધારણ સમિતિ દ્વારા સુચીત સુધારેલ બંધારણને મંજુરી આપવા બાબત.

હાલમાં આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/- અને વ્ય. સમિતીના કાયમી સભ્ય ફી રૂા. ૧૦,૦૦૧/- ભરીને સભાસદ બની શકાય છે. જે સૂચિત બંધારણ અમલમાં આવેથી અનુક્રમે રૂા. ૫૦૧/- અને રૂા. ૨૧૦૦૧/- થશે.

વિનંતી... અચલગચ્છીય સકલ શ્રી સંઘોને તે દિવસે અન્ય કોઈ કાર્યક્રમ ન ગોઠવતા વધુમાં વધુ સભ્યો સાથે સભામાં પધારશો, સભ્યો ન હોય તેઓને સભ્ય બનવા વિનંતી.

માનદ્ મંત્રીઓ - જતીન મોરારજી છેડા, પ્રવીણ ટોકરશી લોડાયા, પ્રકાશ નેમીચંદજી સિંઘવી, જયંતકુમાર ચીમનલાલ સંઘવી ના

બહુમાન પૂર્વક જય જિનેન્દ્ર

(*402)

K.V.O. - P - 8104209392

## અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વે. જૈન સંઘના સૂત્ર વાહકો વડોદરા ખાતે અચલગચ્છાધિપતિ શ્રી સાથે ગચ્છ સંબંધિત અનેક વિષયો પર વિસ્તૃત ચર્ચા કરી

તા.30 જૂન શુક્રવારના રોજે અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટીઓ અધિકારીઓ વ્યવસ્થાપક સમિતિના સભ્યો વડોદરા ખાતે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સાથે ગચ્છને લગતા અનેકવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરેલ.

આ મિટીંગ અગાઉ પાવાગઢના શિખરે બિરાજમાન અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી મહાકાળી માતાના દર્શન કરી ગચ્છની તથા દરેક સાધુ, સાધ્વીજી, શ્રાવક શ્રાવિકાઓની ઉન્નતિ માટે જાપ કરી પ્રાર્થના કરેલ હતી.





## મહારાષ્ટ્ર નાંદેડ નગરે પ.પૂ.સાધ્વીજી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નો ચાર્તુમાસ પ્રવેશ થયો





મહારાષ્ટ્ર પ્રાંતના મરાઠાવાડા ક્ષેત્રના નાંદેડ નગર ખાતે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ નો ચાર્તુમાસ પ્રવેશ ભવ્યતા ભેર વાજતે ગાજતે થયો. શ્રી ચંદ્રપ્રભુ સ્વામી શ્વેતાંબર જૈન મંદિર ખાતે સંઘની શ્રાવિકાઓએ સુશોભિત બેડલા-કળશ અને અવનવી તરેહની ગહુલી રચી, સ્વાગત ગીત ગાઈ હર્ષભેર સ્વાગત કર્યું હતું. શ્રાવકો સાફા પહેરી હરખ ભેર સામૈયામાં સામેલ થયા હતા.

# શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમની સાધર્મિક સહાયક યોજના વર્ષ ૨૦૨૩-૨૮ના સંયુક્ત દાતા




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમની સાધર્મિક સહાયક યોજના વર્ષ ૨૦૨૩-૨૮ના દાતા તરીકેનો સંયુક્ત લાભ તિલોકચંદભાઈ નરશી દંડ વરાડીયા-મલકાપુર તથા ભવાનજીભાઈ શિવજી લોડાયા કોઠારા-ચાલીસગામ બંન્ને પરિવારે સંયુક્ત પણે પ્રતિવર્ષે રૂા.૧ લાખ લેખે, ૫ વર્ષ સુધી આપવાના ધોરણે લાભ લીધેલ છે. આ પહેલની અનુમોદના સમસ્ત મહારાષ્ટ્ર એકમ કરે છે.

# ભુજની માનવજ્યોત સંસ્થાની સેવાઓને બિરદાવાઈ



વાવાઝોડા સમયે શ્રેષ્ઠ સેવા કાર્ય કરનાર ભુજની માનવજ્યોત સંસ્થાની સેવાઓને બિરદાવી કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ. વાવાઝોડા સમયે આફત ગ્રસ્ત લોકો માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ કચ્છ જીલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી દેવજીભાઇ વરચંદ આહીરનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં ભુજ વિભાગના ધારાસભ્ય શ્રી કેશુભાઇ પટેલ, કચ્છ જીલ્લા પંચાયત અધ્યક્ષા પારૂલબેન કારા તથા પંકજભાઇ મહેતાનાં વરદ્ હસ્તે પ્રબોધ મુનવરને સન્માનપત્ર અર્પણ કરી સેવાઓની નોંધ લેવામાં આવેલ.

# ચાલીસગામ સંઘમાં અચલગચ્છના સાધ્વીજીઓનો ચાતુર્માસ મંગળ પ્રવેશ





તા.૨૫ જૂન રવિવારના દિને મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના ચાલીસગામ નગર સંઘમાં શ્રી ક.દ.ઓ.જૈન દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ ખાતે અચલગચ્છના સાધ્વીજી પ.પૂ.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નો ચાતુર્માસ મંગળ પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉત્સાહભેર સામૈયું કરી હર્ષ ઉમંગથી સાહેબોનું સ્વાગત કર્યું હતું.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# તિરૂપુર ખાતે ત્વચા અને વાળની વિનામૂલ્ય મેડિકલ કેમ્પ



૨૫મી જૂન ૨૦૨૩ ના રોજ તિરૂપુર ખાતે સમાજના સભ્યો માટે ત્વચા અને વાળની સારવાર વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૪૦ સભ્યોએ ભાગ લીધો હતો. કેમ્પનું આયોજન સેક્રેટરી સતીશ એચ. નાગડા, પરજાઉ-તિરૂપુર દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ અને ઉપપ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**કલાવતીબેન લોડાયા**
તા.૧૮ જૂન (ઉ.૭૪)
રવા-મુંબઈ



**પ્રવિણ ધુલ્લા**
તા.૨૦ જૂન (ઉ.૭૩)
રાપર-કોચીન



**નિર્મલાબેન લોડાયા**
તા.૨૨ જૂન (ઉ.૭૮)
નલિયા-મુલુંડ




**નરશી લોડાયા**
તા.૨૨ જૂન (ઉ.૮૪)
બાયઠ-ડિગ્રસ



**મધુરીબેન નાગડા**
તા.૨૬ જૂન (ઉ.૭૮)
પરજાઉ-તીરુપુર



**ધનેશ લોડાયા**
તા.૨૮ જૂન (ઉ.૬૦)
નલિયા-મુંબઈ



**મહેન્દ્ર કુરુવા**
તા.૩૦ જૂન (ઉ.૭૫)
ગોધરા-હુબલી



**રાજેશ ખોના**
તા.૧ જુલાઈ (ઉ.૫૨)
મોટી ખાવડી-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# સંજીવની કેસ નં.૧૦૯ને માટે રૂા.૧.૮૦ લાખ જમા કરવાનો છે પડકાર




દર્દીઃ શ્રી રાજેશ પ્રતાપ શામજી સાયલા, ઉંમરઃ ૪૪ વર્ષ, ડોમ્બિવલી, કચ્છઃ તેરા

નિદાનઃ તીવ્ર હિપેટાઇટિસ

શરીરનો પીળો રંગ, તાવ, પેટમાં દુખાવો અને લો બીપીને કારણે દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો.

તે તેના માતા-પિતા સાથે રહે છે. પિતા મસ્જિદ બંદર ખાતે દાળ મિલ્સમાં વેચાણ પ્રતિનિધિ તરીકે કામ કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી દર્દી બેરોજગાર છે. કોઈ મેડિક્લેમ નહીં, કોઈ બચત નથી. હોસ્પિટલનો ખર્ચ રૂા. ૧.૮૦ લાખ સુધી. ચાલો રાજેશભાઈને તેમના મુશ્કેલ સમયમાં સાથ આપીએ!

નોધ : ૮૦જી હેઠળ કર લાભ ઉપલબ્ધ. કર લાભ મેળવવા માટે દાનની સાથે દાતાની પાન અને આધાર કોપી સબમિટ કરો. મેડિકલ કમિટી શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન




● ગુજરાતના હાલ કુલ્લ ૩૩ જિલ્લામાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા માનવતાવાદી સેવાકાર્યો કરવા માટે ગુજરાતના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે. જે પૂર, ભૂકંપ, અતિવૃષ્ટિ, દુકાળ કે અન્ય હોનારત જેવા આકસ્મિક સંજોગોમાં તત્કાળ મદદરૂપ થશે. આ સિવાય નજીકના ભવિષ્યમાં ૧૧ પેથોલોજી લેબ, ૧૧ ફિઝિયોથેરાપી સેન્ટર, ૧૧ જેનરીક દવાઓના સ્ટોર્સ તેમજ ૫ ડેન્ટલ ક્લિનિક પણ શરૂ કરવામાં આવશે. અત્યારે સમગ્ર રાજ્યની ૧૨ યુનિવર્સિટીઓ, ૧૬૯ કોલેજો અને ૨૭૮ સ્કૂલોમાં એક લાખ આઠ હજાર જેટલા યુવાનો રેડ ક્રોસની સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયા છે.

● ૧૯૬૫ની ૯ એપ્રિલે કચ્છની સરહદ પર પાકિસ્તાનની સેના સામે સી.આર.પી.એફ.ના મુઠ્ઠીભર જવાનોએ અપ્રતિમ શૌર્ય અને બહાદુરી દાખવી દુશ્મનોને પીછેહટ કરવા મજબૂર કરી દીધા હતા. આ યુધ્ધમાં પાકિસ્તાની સેનાના ૩૪ જવાનોને માર્યા અને ચારને જીવતા ઝડપી બંદી બનાવ્યા હતા. આ જુસ્સા ભરી વીરતા ઈતિહાસ બની છે. આ ઘટનાને સ્મૃતિત કરતા દર વર્ષે નવ એપ્રિલે વોર દિવસ એટલે સી.આર.પી.એફ વિજય દિવસ તરીકે ઊજવવામાં આવે છે. છ સી.આર.પી.એફ જવાનોની શહાદત શ્રધ્ધાંજલિ આપવા વોર મેમોરિયલ આકાર લેશે એવું નક્કી કરાયું છે.

● કચ્છમાં છેલ્લા બે વરસથી સારો વરસાદ થતો હોવાથી વનતંત્રને તેના સારા પરિણામ મળી રહ્યાં છે. જંગલ ખાતા હસ્તકની રખાલોમાં કરવામાં આવતા ઘાસના વાવેતરમાં ઉત્પાદન વધી જતાં ગોડાઉનની સંખ્યા વધારવામાં આવી છે. તે ઉપરાંત વનતંત્રની હદમાંથી ઘાસ કાપવાની પાંજરાપોળ, ગૌશાળા તથા માલધારીઓને છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અભયારણ્ય બહાર વિસ્તારમાં વનતંત્રની વીડીઓ, રખાલોમાં ગૌ સંવર્ધનનું કામ કરતી સંસ્થાઓ, માલધારી સહકારી મંડળી, દૂધ ઉપાદક મંડળી ગ્રામ પંચાયત આ તમામને ઉત્પાદિત થયેલો ઘાસ જથ્થો કાપીને લઈ જવા પરંતુ આ વિસ્તારમાં ઢોરોને ચરિયાણ માટે મુક્તિ આપવામાં આવેલ નથી.

● ગુજરાતના ગ્રોથ એન્જિનમાં કચ્છ જિલ્લાનું નોંધપાત્ર યોગદાન છે. જિલ્લામાં રસ્તાઓ સહિતની માળખાંકીય સુવિધા માટે સરકારએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કચ્છના વિકાસ માટે મહત્વરૂપ ભીમાસર ભુજ ચાર માર્ગીય ધોરી માર્ગ નિર્માણના કાર્યનો ધમધમાટ શરૂ થયો છે. ભારતમાલા પરિયોજના તળે વરસાણા ચોકડીથી શરૂ થતાં ભીમાસર ભુજ ૫૯.૫૩૮ કિલો મીટરનો ચાર માર્ગીય રસ્તો રૂા.૧૦૮૫ કરોડના ખર્ચે તૈયાર થશે. અંજાર પાસે ૮.૧૭ કિ.મી. સાપેડા પાસે ૨.૫ કિ.મી., રતનાલ પાસે ૬.૫૫ કિ.મી. કુકમા પાસે ૩.૫૮ કિ.મી.નો બાયપાસ બનશે. આ પ્રકલ્પ તળે ચાર ઓવર બ્રિજ અને ૯ અન્ડર પાસ નિર્માણ થશે. બે મોટા બ્રિજ, ૨૧ માઈનોર બ્રિજ સાથે જુદા જુદા હેતુ સરના ૧૨૮ કલ્વર્ટર બનશે. અંજાર તાલુકાના વરસા મેડી અને ભુજ તાલુકાના કુકમામાં ટોલ વસૂલ બૂથ ઊભા કરાશે.

● ૨.૨૬૫ કિલોનું વિશાળ વડાપાઉં બનાવવાની કામગીરી ૩૦ મિનિટમાં પૂર્ણ કરનાર ભુજના દેવ સંદીપ બુધ્ધ ભટ્ટીના વિક્રમની નોંધ મેડ બિગસ્ટ વડાપાઉંથી ઈન્ફલુઅન્સ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયાનું સર્ટિફિકેટ એનાયત કરાયું હતું. બી.એ.ડિઝીધારી ૨૧ વર્ષીય દેવને વિશ્વ રેકોર્ડ બનાવવા બદલ સાંસદ વિનોદભાઈ ચાવડાએ બિરદાવી અભિનંદન આપ્યા હતા.

● કચ્છના અંતરિયાળ ૪૫ સરહદી એવા ગામો છે, જ્યાં હજુ સુધી એક પણ મોબાઈલ કંપની પોતાની ટાવરના સિગ્નલ પહોંચાડવામાં સક્ષમ નથી આમાં અબડાસાના બોહા, બુડિયા, બુટા, છછી, દહા, કડુલી, લાખણિયા, પાટ, અંજારના વાડા, ભચાઉ તાલુકાના તોરણિયા, ભુજ તાલુકાના પીરવાડી, લખપત તાલુકાના અમીયા, ચામરો, હરોડા, ખડક, મુરચબાણ, પીપર, સાંયરા, પોલડિયા, જાલુ ઉલટ, લાકડાવાંઢ, નાંદ્રા વિગેરે ગામોનો સમાવેશ થાય છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)